# શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લિ.

માર્કેટયાર્ડ, મોડાસા - ૩૮૩૩૧૫
જિ.અરવલ્લી, ફોન નં.૦૨૭૭૪-૨૪૫૧૪૬

# 24th Annual Report 2020-2021

ઓડીટ વર્ગ : અ

રજી. નં. સે. ૨૭૬૪૯ તા. ૧૬-૦૬-૧૯૯૭

તા. ૩૧-૦૩-૨૦૨૧ અંતિત

| | | |
|---|---|---|
| શેર ભંડોળ | : | રૂા. ૧૩,૦૦,૪૦૦/- |
| રીઝર્વ તથા અન્ય ફંડ | : | રૂા. ૩,૧૫,૩૫,૫૫૫/- |
| થાપણો | : | રૂા. ૧૮,૮૮,૦૩,૧૬૧/- |
| ધિરાણો | : | રૂા. ૧૩,૨૭,૨૨,૯૦૭/- |
| નફો | : | રૂા. ૪૭,૧૫,૬૮૬/- |
| સભાસદ સંખ્યા | : | ૧૭૬૫ |

પંકજભાઈ બી. બુટાલા
ચેરમેન

નવીનભાઈ વી. શાહ
વાઈસ ચેરમેન

રમણભાઈ જે. પ્રજાપતિ
મેનેજીંગ ડિરેક્ટર

નરેશકુમાર આર. શાહ
મેનેજર




મંડળીના ચેરમેન પંકજભાઈ બુટાલા સરસ્વતી બાલ મંદિરમાં
૭૫ મો સ્વાતંત્ર્યદિનનો ધ્વજ ફરકાવતા નજરે પડે છે.

# સભાસદ જોગ નિવેદન

*વ્હાલા સભાસદ ભાઈઓ અને બહેનો,*

*કુશળ હશો,*

*આપણા ભારત દેશના ૭૫ માં સ્વાતંત્ર્ય પર્વ ના પાવન પ્રસંગે તેમજ આપણી મંડળીના ૨૫ માં વર્ષના રજત જયંતિ પર્વના શુભ પ્રસંગે આપ સૌનું સ્વાગત કરતાં આનંદ અનુભવું છું. આ મંડળી ને જોતજોતામાં ૨૪ વર્ષ પૂર્ણ થઈ ગયા. આપણી મંડળીની શાખ અરવલ્લી જિલ્લામાં અગ્રેસર રહી છે. તેનો શ્રેય આપ સૌને જાય છે.*

*સતત પોણા બે વર્ષથી આખુ વિશ્વ અને આપણો દેશ કોવિડ-૧૯ થી પીડાઈ રહ્યો છે. શારિરીક, માનસિક અને આર્થિક નુકસાન સૌને થઈ રહયું છે. ધંધા રોજગાર બંધ રહયા છે. બેરોજગારી વધી છે. તે કારણસર આર્થિક મંદી ખૂબજ રહી છે. પરંતુ આપ સૌના સાથ સહકારથી અને આપણા ડિરેક્ટરશ્રી ઓ ના સહકારથી તેમજ સ્ટાફ મિત્રોની કુનેહથી આ વર્ષે આપણો પ્રગતિનો ગ્રાફ જાવળી રાખ્યો છે તેનો મને અને આપ સૌને આનંદ છે. મંડળીના કર્મચારી મિત્રોએ મહામારી ના વિકટ સંજોગોમાં પણ ૧૦૦%હાજર રહી તેમની ફરજ નિભાવી છે. તેથી મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું. આપણી મંડળી ની શાખ સમગ્ર જીલ્લામાં અવ્વલ નંબર રહી હોવાથી આપણને જીલ્લા સંઘ તરફથી આ વર્ષે પણ જીલ્લામાં દ્રિતિય નંબર પ્રાપ્ત થયો છે. અને શિલ્ડ અને સન્માન પત્ર પ્રાપ્ત થયું છે. તેનો આપણ ને સૌને આનંદ છે. આ કોરોના ના કારણે આ વર્ષે પણ આપણને પ્રિફર્ડ સભાસદોનું સન્માન કરી શક્યા નથી તો આગામી વર્ષમાં જરૂરથી આ પ્રોગ્રામ કરીશું.*

*કોરોનાની મહામારી ને કારણે આપણા કેટલાય સ્વજનો ગુમાવ્યા છે. આપણી મંડળીના માજી ડિરેક્ટરશ્રીઓ ભાઈશ્રી રજનીભાઈ શાહ, ચંદ્રકાંતભાઈ શેઠ અને ચીમનભાઈ ભાવસાર નું કોરોનાથી અવસાન થતાં આપણે ખુબજ દુઃખ અનુભવીએ છીએ.*

*આપણી સંસ્થાએ ચાલુ વર્ષે સંસ્થાની શાખ વધે તેવા લોકોપયોગી, સમાજ ઉપયોગી, આર્થિક, સામાજીક અને આરોગ્ય લગતા પ્રોગ્રામ કર્યા છે.*

*મને જણાવતાં આનંદ થાય છે કે સરકારશ્રીએ જાહેર કરેલ આત્મનિર્ભર સહાય યોજનામાં આપણે ૭૦ થી વધુ મિત્રોને આત્મનિર્ભર લોન ૬૩.૫ લાખ થી વધુ ધિરાણ કરી જીલ્લામાં અગ્રેસર રહ્યા છીએ. અને આર્થિક રીતે લોકોને સહાયરૂપ થયાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.*

*કોરોના વોરિયર તરીકે આપણે અર્બન હેલ્થ ડિપાર્ટમેન્ટના સરકારી ડોકટરોને તથા ડૉ.જમીલ ખાનજી (જાણીતા ફીજીશીયન) નું પણ સન્માનિત કરી સન્માન પત્ર એનાયત કર્યું હતું તેથી મંડળીની શાખમાં વધારો થયો છે.*

*આપણે રસીકરણનો પ્રોગ્રામ પણ સતત કરી સમાજને ઉપયોગી થવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. અરવલ્લી જીલ્લા ના સમગ્ર સંઘના પદાધિકારીઓને એક મંચ પર એકત્ર કરી સમાજની વિશિષ્ટ સેવા કરવા બદલ સૌને સન્માનિત કર્યા હતા. જેમાં APMC ના ચેરમેન અને બધા APMC ના ડિરેકટરશ્રીઓ, સહકારી જીનના, જિલ્લા ખરીદ વેચાણ સંઘના, કો-ઓપરેટીંવ બેન્કોના ચેરમેનશ્રીઓ,મેંનેજીંગ ડિરેકટરશ્રીઓ, જિલ્લા સહકારી સંઘના પદાધિકારીઓ સૌને એક મંચ ઉપર ભેગા કરી સંમાનિત કરવાનો એક વિશિષ્ટ કાર્યક્રમ કર્યો હતો. તે કારણ મંડળીની શાખમાં વધારો થયો છે અને ગુજરાતના તમામ નામાંકિત ન્યુઝપેપરમાં આ પ્રોગ્રામ ની નોંધ લેવામાં આવી હતી. ચાલુ વર્ષે રજત જયંતિપર્વ પ્રસંગે મને અને આપણા સૌ ડિરેકટરશ્રીઓ ને સરસ્વતી બાલ મંદિરમાં ૧૫ મી ઓગષ્ટ ના રોજ ધ્વજ વંદન માટે આમંત્રણ આપી મારા હસ્તે ધ્વજવંદન કરાવી સંસ્થા પ્રત્યેની સારી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી અને સરસ્વતી બાલ મંદિર મંડળ તરફથી સૌનું સ્વાગત કરી સન્માનિત કર્યા હતા. સ્મશાનના વિકાસ માટે મંડળ એ મહાજન ને રૂા.૧૦,૦૦૦/- નું દાન કરેલ છે અને રૂા.૫૫,૦૦૦/- સભ્ય મિત્રો એ દાન કરેલ છે. જેનો મને આનંદ છે.*

**રજત જયંતિ વર્ષ ના પ્રસંગો :**

*આપણે ચાલુ વર્ષે વારંવાર મળીશું અને વિવિધ પ્રોગ્રામોનું આયોજન કરીશું સામાજિક, આરોગ્ય લક્ષી અને આર્થિક અનેક પ્રોગ્રામો કરીશું. સભાસદના બાળકો માટે, સભાસદ પરિવાર ની બહેનો માટે અને સમગ્ર શહેર માટે અનેક સાંસ્કૃતિક પ્રસંગોનું આયોજન કરીશું. વર્ષના અંતમાં દરેક સભાસદને એક યાદગાર ગીફટ આપવાનું આયોજન પણ કરનાર છીએ. આ સમગ્ર આયોજનમાં આપ સૌનો સહકાર મળી રહશે અને આપના સૂચનો આવકાર્ય રહેશે.*

*રજત જયંતિ પર્વ નિમિત્તે મંડળી અને એસોસીએશન એક વિશિષ્ટ ભેટ આપી રહ્યા છીએ. ૨૫ વર્ષના સંભારણા સ્વરૂપ આપણી મંડળીનો એક ફુલ્લી ફર્નિષ્ડ પોતાનો સભાગૃહ આશરે ૩૦ લાખના ખર્ચે બનાવેલ છે. તે ભેટ આપવાનો અનોખો અદભૂત પ્રયાસ કર્યો છે.*

*મંડળીના કાર્યાલય ને રીનોવેટ કરી મોટો બનાવેલ છે. જેમાં ફુલ ફર્નીચર AC સાથે સુંદર બનાવેલ છે તેમાં RO વોટર, પેન્ટ્રી ની સગવડ, સભાસદોને બેસવા માટે સોફા, તેમજ ટોયલેટ બનાવવામાં આવેલ છે, ચેરમેન કેબીન, મેનેજર કેબીન, કેશીયર કેબીન, બોર્ડ રૂમ, કેમેરા સાથે બનાવી મંડળીને અધતન બનાવવાનો પ્રયાસ કર્યો છે અને સાથે સાથે ૨૪ કલાક પાણી માટે પોતાનો પાણીનો બોર અને*

૧૦૦ થી વધુ વ્યક્તિ બેસી શકે તેવો સ્ટેજ સાથે ફર્નીચર સાથેનો સભાખંડ બનાવેલ છે. રજત જયંતિ વર્ષની યાદ હંમેશા રહે તેવો એક નમ્ર પ્રયાસ કરેલ છે. જે ને આપ સૌ વધાવી લેશો તવી આશા છે. આ સમગ્ર કાર્યમાં આપસૌ સભાસદ મિત્રો,મારા બોર્ડના સૌ ડિરેક્ટરશ્રીઓ અને મંડળીના મેનેજર, કલાર્ક સહિત સૌનો સાથ સહકાર અને હૂંફ મળેલ છે તેથી શક્ય બન્યું છે તેથી સૌનો આભાર વ્યક્ત કરું છું.

**મંડળી ની સ્થિતિ વિશેષ : સભાસદ સંખ્યા અને શેર ભંડોળ:** સભાસદ સંખ્યા ૧૭૬૫ છે અને શેર ભંડોળ રૂ.૧૩,૦૦,૪૦૦/ છે.

**થાપણ :** ચાલુ વર્ષે થાપણોમાં જંગી વધારો થયો છે. ગત વર્ષ રૂા.૧૫,૫૨,૮૬,૨૩૦/- થી ૨૧.૫૮% વૃધ્ધિ સાથે રૂા.૧૮,૮૮,૦૩,૦૬૧/- ની થાપણો હાલ મંડળી પાસે છે. તે આપનો વિશ્વાસ વ્યક્ત કરે છે.

ધિરાણ : ચાલુ વર્ષે ધિરાણ ગત વર્ષ કરતાં વુધ્ધી સાથે રૂ.૧૩,૨૭,૨૨,૯૦૭-૦૦ નું ધિરાણ ખુબ સારી રીતે સહાજતાથી આપેલ છે. ચાલુ વર્ષે ધિરાણ ના વ્યાજ દર પણ ઘટ્યા, તેથી સૌ મિત્રોએ આપણી મંડળી માંથી ધિરાણ નો લાભલેવા વિનંતી છે. ધિરાણ અનેક પ્રકારે અપાય છે.વ્યક્તિગત લોન, વ્હીકલ લોન નવા તથા જૂના, FD OD લોન,કન્ઝુમર લોન, સ્થાવર મિલ્કત સામે લોન, KVP, NSC સર્ટી ઉપર લોન, હાઉસિંગ લોન વગેરે સરળતાથી આપવામાં આવે છે. વસૂલાત : ધિરાણ સાથે સાથે વસૂલાત પણ યોગ્ય સમયે થાય તે ખુબજ જરૂરી છે અને મને કહેતાં આનંદ થાય છે દર વર્ષની જેમ Zero NPA સાથે આપણે કાર્ય કરી રહ્યા છે. જેમાં મારા ડિરેક્ટરશ્રીઓ અને સ્ટાફની મહેનત રંગ લાવે છે. તેનો મને આનંદ છે.

**સભાઓ :** એક વાર્ષિક સાધારણસભા અને ૧૨ કારોબારી સભાઓ કરવામાં આવી છે. ૧૦૦ % હાજરી સાથે ખુબજ સારા નિખાલસ ભર્યા વાતારણમાં મિટીંગ થાય છે. દરેક વ્યક્તિ પોતાનો અવાજ, અભિપ્રાય રજુ કરી શકે છે. તેથી મને કાર્ય કરવામાં પુરતું પ્રેરક બળ મળી રહે છે. ડિરેક્ટર બહેનો પણ ૧૦૦% હાજર રહી અમોને પ્રોત્સાહિત કરે છે.

**અન્ય પ્રવૃતિઓ :** (૧) સભાસદ સહાય અકસ્માતે મૃત્યુ થતા સભાસદોને આપણા સભાસદ બેનીફીટ ફંડ માંથી રૂા.૨૫,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

(૨) કુદરતી મૃત્યુ થતા સભાસદના વારસદાર ને રૂા. ૩,૫૦૦/- ની સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષે ૨૦ વ્યક્તિના કુદરતી મૃત્યુ થતા રૂા. ૭૦,૦૦૦/- વારસદારોને સહાય આપવામાં આવેલ છે.

(૩) સભાસદોના બાળકોને ઈનામ : આપણા સભાસદો ના બાળકો ને ધો.૧૦ તથા ધો.૧૨ ની બંન્ને ફેકલ્ટીની પરીક્ષામા પ્રથમ ત્રણ ક્રમાંકે આવનારને ઈનામ અપવામાં આવે છે. પરંતુ ચાલુ વર્ષે પરીક્ષા ન લેવાઈ હોવાથી ઈનામ આપવાનું મોકુફ રાખેલ છે. જેનું હું દુ:ખ અનુભવુ છું.

**ડિવીડન્ડ :** ચાલુ વર્ષે ૧૨% ડિવીડન્ડ આપવા માટે બોર્ડ ઓફ ડીરીક્ટર્સએ સભામાં ભલામણ કરેલ છે જેને આપ સૌ અનુમોદન આપશો.

ઓડિટ : ચાલુ વર્ષે મંડળીનું ઓડીટ ઓડીટરશ્રી એ.જી. શેખ સાહેબે સને ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ એમ બે વર્ષનું મંડળીનું ઓડીટ કરી યોગ્ય માર્ગદર્શન આપી સંપૂર્ણ સહકાર આપી અમારી કામગીરીને બિરદાવી "અ" વર્ગ આપેલ છે. તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું.

**નફાની વહેચણી :** ચાલુ વર્ષે ચોખ્ખો નફો જે થયેલો છે તેમાંથી આકસ્મિક જવાબદારી માટે ઈન્કમટેક્ષ જોગવાઈ બાદ કરીને ચોખ્ખો નફો રૂા.૪૭,૧૫,૬૮૬-૪૮ નો થયેલ છે. દર વર્ષની જે નફાની ફાળવણી નો ગ્રાફ જાળવી રાખેલ છે. જેનો મને આનંદ છે. સમગ્ર નફાની વહેચણી પેટાનિયમ મુજબ કરવામાં આવી છે. જે ને આપ અનુમાદન આપશો. તેવી આશા છે. નફા ની વહેચણી નીચે મુજબ છે.

નફાની વહેચણી નીચે મુજબ છે.

| ફંડ | ટકાવારી | | વહેંચણી |
|---|---|---|---|
| રીઝર્વ ફંડ | ચોખ્ખા નફાના | ૨૫% | ૧૧,૭૮,૯૨૫-૪૮ |
| ડિવિડન્ડ | વસુલ થયેલ શેર ભંડોળના | ૧૨% | ૧,૫૫,૨૦૩-૦૦ |
| ડિવિડન્ડ ઈકવી.ફંડ | ચોખ્ખા નફાના | ૨% | ૯૪,૩૧૪-૦૦ |
| શિક્ષણ ફંડ | ચોખ્ખા નફાના | ૨% | ૯૪,૩૧૪-૦૦ |
| | કુલ.... | | ૧૫,૨૨,૭૫૬-૪૮ |

| | | |
|---|---|---|
| | બાકી નફો...... રૂા. ૩૧,૯૨,૯૩૦-૦૦ | |
| સહકાર પ્રચાર ફંડ | ૧૦% મુજબ બાકી નફાના | ૩,૧૯,૨૯૩-૦૦ |
| સભાસદ વેલ્ફેર ફંડ | ૩૫% મુજબ બાકી નફાના | ૧૧,૧૭,૫૨૫-૦૦ |
| મકાન ફંડ | ૧૦% મુજબ બાકી નફાના | ૩,૧૯,૨૯૩-૦૦ |
| ધર્માદા ફંડ | ૫% મુજબ બાકી નફાના | ૧,૫૯,૬૪૭-૦૦ |
| શકમંદ લેણા ફંડ | ૧૫% મુજબ બાકી નફાના | ૪,૭૮,૯૩૯-૦૦ |
| ઉત્સવ ફંડ | ૧૦% મુજબ બાકી નફાના | ૩,૧૯,૨૯૩-૦૦ |
| સ્ટાફ બેનીફીટ ફંડ | ૫% મુજબ બાકી નફાના | ૧,૫૯,૬૪૭-૦૦ |
| સ્ટાફ બોનસ | ૧૦% મુજબ બાકી નફાના | ૧,૩૨,૦૦૦-૦૦ |
| | બે પગાર, બાકીના રિઝર્વ ફંડમાં | ૧,૮૭,૨૯૩-૦૦ |
| | કુલ.... | ૪૭,૧૫,૬૮૬-૪૮ |

**આભાર પ્રસ્તાવના :**

*સૌ પ્રથમ આપ સૌ સભાસદોનો આભાર વ્યક્ત કરું છું. આપે ૨૫ વર્ષ થી અમારામાં વિશ્વાસ મૂકી અમોને પ્રેરક બળ પુરું પાડેલ છે અને તેથી સારૂ કાર્ય કરી શકયા છીએ. આપણી મંડળીના સ્થાપક ચેરમેન અને હાલ CEB (સલાહ કાર) મુ.શ્રી ઈસ્માઈલભાઈ દાદુ કે જેવો ૮૬ વર્ષની ઉંમરે પણ ૧૦૦% હાજર રહી એમોને યોગ્ય માર્ગદર્શન આપે છે. તેમનો જેટલો આભાર માણીએ એટલો ઓછો છે. એમનો હું બોર્ડ વતિ આભાર માનું છું.*

*મંડળીના વાઈસ ચેરમેન શ્રી નવીનભાઈ શાહ કે જેઓ અગાઉ MD હતા તેઓ પણ સતત તેમના અનુભવો નો લાભ આપણને આપી રહ્યા છે. અને કાર્યને સરળ બનાવવામાં મદદરૂપ જઈ રહ્યા છે. તેમનો આનંદ વ્યક્ત કરું છું. મંડળી ના MD ભાઈ શ્રી રમણભાઈ પ્રજાપતિ નો આભાર માનીએ એટલો ઓછો છે. તેઓ સંસ્થા માટે ૧૦૮ જેવા કાર્યરત છે.*

*ધિરાણ, વસુલાત, મિટીંગ ની કાર્યવાહી વ્યવસ્થિત નિયમ અનુસાર ચલાવવી તેમજ મંડળીમાં દરરોજ નિયમિત હાજર રહી કર્મચારી મિત્રોને માર્ગદર્શન પુરું પાડે છે. તે ઉપરાંત મંડળીના રિનોવેશન અને મંડળી ઉપરના સભાગૃહ ના બાંધકામ માં સતત રોજ ત્રણ કલાક હાજર રહી સતત ચાર મહિના ની મહેનત થી આ કાર્ય સંપન્ન થયું છે. તેનો મને આનંદ છે. આવા સક્રિય MD થી અઘરા કાર્ય પણ સરળ રીતે થાય છે. તેનો મને આનંદ છે. તેમનો પણ આભાર વ્યક્ત કરું છું.*

*શાખ કમિટી ના સભ્યો નો પણ આભાર માનું છું.*

*ભાઈ શ્રી નરેન્દ્રભાઈ શાહ ના પ્રયાસ થી આપણે મંડળીના ઉપર સભાગૃહ (હોલ) બનાવી શકયા છીએ. APMC માં તેઓ VICE CHAIRMAN છે. તેથી કાર્ય સરળ બન્યું છે. તેમનો પણ આભાર માનીએ એટલો ઓછો છે.*

*ભાઈ શ્રી ઈકબાલભાઈ કાંકરોલીયા, પ્રવીણભાઈ પટેલ, મનીષભાઈ ભાવસાર, જયેશભાઈ ગાંધી, કીરીટભાઈ શેઠ, અબદુલરહેમાન સુથાર, મુકુન્દભાઈ શાહ, તરાચંદભાઈ શાહ અને બહેનોમાં જ્યોત્સનાબેન, નિધીબેન શેઠ સૌનો આભાર વ્યક્ત કરું છું તેઓ શ્રી ના સહકાર થી કાર્ય સારુ કરી શકયા છે. અને ખાસ આભાર તો મંડળીના કાર્યના હૃદય સમ્રાટ એવા આપણા મેનેજર શ્રી નરેશભાઈ શાહ કે જેઓ જીણવટથી, કરકસર થી અને ચોક્કસ કાર્ય કરવાથી અને સામાન્ય કડક સ્વભાવના છે જે જરૂરી છે. તેથી ખુબ સારું કાર્ય કરી શકયા છીએ તેમનો અભિનંદન આપું છું. અને આભાર વ્યક્ત કરું છું. ભાઈ દિલીપભાઈ પ્રજાપતિ જેઓ કેશીયર કમ કલાર્ક છે તેઓ પણ સારું કાર્ય કરી નરેશભાઈ ને પૂર્ણ સહકાર આપે છે. તેઓ પણ અભિનંદન ને પાત્ર છે. ભાઈ શ્રી હસમુખભાઈ પ્રજાપતિ કે જેવો મંડળીના કલાર્ક છે. નામ પ્રમાણે સદાય હસમુખા રહે છે. કોઈપણ કાર્ય ચિવટથી, દોડીને કરતા રહ્યા છે. કોરોના કાળમાં પણ સતત ઓફિસની બહાર વિવિધ બેંકોમાં અને સભાસદોના સંપર્કમાં રહ્યા છે. અને મંડળીના કાર્યને ખૂબજ સરળ બનવ્યું છે. તેમાં કર્મનિષ્ટ કર્મચારી હસમુખભાઈ ને પણ અભિનંદન પાઠવું છું.*

*અંતમાં શહેર ની તમામ બેંકો, જીલ્લા રજિસ્ટ્રાર શ્રી અને તેમનો ઓફિસ સ્ટાફ વર્ષ દરમિયાન સાથ અને સહકાર આપે છે. તેમનો પણ આ તબક્કે આભાર માનું છું.*

*અંતમાં સૌનો સાથ સહકાર મળે છે.તેથી સર્વનો આભાર વ્યકત કરું છું.*

**નવીનભાઈ વી. શાહ**
વાઈસ ચેરમેન

**રમણભાઈ જે. પ્રજાપતિ**
મેનેજીંગ ડિરેકટર

**લિ. સ્નેહાધિન**
**પંકજભાઈ બી. બુટાલા**
ચેરમેન

**શ્રી ઈસ્માઈલભાઈ જી. દાદુ** C.E.B
**તથા તમામ ડિરેકટરશ્રીઓ અને સ્ટાફ મિત્રો**

જય ભારત.... જય હિન્દ

## તા. ૩૧-૦૩-૨૦૨૧ ના રોજ

| તા.૩૧-૦૩-૨૦૨૦ રૂા. પૈસા | ઉપજ | રકમ | તા.૩૧-૦૩-૨૦૨૧ રૂા. પૈસા |
|---|---|---|---|
| **૧,૭૪,૫૬,૦૩૦-૦૦** | **વ્યાજ મળેલ તથા મળવા પાત્ર** | | **૧,૮૨,૨૫,૨૬૯-૦૦** |
| ૩૩,૬૨,૫૬૮-૦૦ | રોકાણ ઉપર | ૪૦,૦૪,૫૨૮-૦૦ | |
| ૧,૪૦,૯૩,૪૬૨-૦૦ | ધિરાણ ઉપર | ૧,૪૨,૨૦,૭૪૧-૦૦ | |
| **૬૬,૫૧૬-૪૦** | **અન્ય આવક** | | ૧,૭૦,૫૭૧-૦૦ |
| ૧૯,૭૯૭-૪૦ | કમીશન | ૧૦,૨૦૩-૦૦ | |
| ૩૦,૯૦૭-૦૦ | એજન્ટ કમીશન | ૩૩,૧૧૮-૦૦ | |
| ૧,૯૩૨-૦૦ | ડીવીડન્ડ | ૦૦-૦૦ | |
| ૧૦૦-૦૦ | શેર ટ્રાન્સફર ફી | ૧૫૦-૦૦ | |
| ૧૩,૭૮૦-૦૦ | આઈ.ટી.રીફંડ વ્યાજ | -- | |
| ૦૦-૦૦ | આત્મ નિર્ભર ઈન્સેન્ટીવ રીસીવ | ૧,૨૭,૧૦૦-૦૦ | |
| **૧,૭૫,૨૨,૫૪૬-૪૦** | **કુલ....** | | **૧,૮૩,૯૫,૮૪૦-૦૦** |

**પંકજભાઈ બી. બુટાલા**
ચેરમેન

**શ્રી ઈસ્માઈલભાઈ જી. દાદુ**
સી.ઈ.બી. (સલાહકાર)

**નવીનભાઈ વી. શાહ**
વાઈસ ચેરમેન

**રમણભાઈ જે. પ્રજાપતિ**
મેનેજીંગ ડિરેક્ટર

### ડિરેક્ટર્સ

**શ્રી ઈકબાલભાઈ ડી. કાંકરોલીયા**
**શ્રી જયેશભાઈ સી. ગાંધી**
**શ્રી કીરીટકુમાર આર. શેઠ**
**શ્રી અબ્દુલ રહેમાન એ. સુથાર**
**શ્રી પ્રવિણભાઈ જે. પટેલ**
**શ્રી મુકુંદભાઈ એસ. શાહ**
**શ્રી તારાચંદભાઈ પી. શાહ**
**શ્રી નરેન્દ્રભાઈ એચ. શાહ**
**શ્રી મનીષભાઈ કે. ભાવસાર**
**શ્રીમતી જ્યોત્સનાબેન એમ. ભાવસાર**
**શ્રીમતી નીધીબેન વી. શેઠ**

# પુરા થતાં વર્ષનું નફા - નુકશાન ખાતુ

| તા. ૩૧-૦૩-૨૦૨૦ રૂા. પૈસા | ખર્ચા | | તા. ૩૧-૦૩-૨૦૨૧ રૂા. પૈસા |
|---|---|---|---|
| **(૧,૦૬,૪૬,૬૯૪-૬૮)** | **વ્યાજ આપેલ તથા આપવા પાત્ર** | | ૧,૧૨,૩૭,૦૦૦-૩૦ |
| ૧,૦૬,૨૬,૪૪૨-૦૦ | થાપણ ઉપર | ૧,૧૨,૩૪,૫૮૫-૦૦ | |
| ૨૦,૨૫૨-૬૮ | કરણ ઉપર | ૨,૪૧૫-૩૦ | |
| | **અન્ય ખર્ચા** | | |
| ૩૧,૫૨૮-૦૦ | ઓફીસી ખર્ચ | | ૯,૦૨૫-૦૦ |
| ૨૫,૬૨૮-૦૦ | પરચુરણ ખર્ચ | | ૧૧,૨૭૫-૦૦ |
| ૨,૩૫૦-૦૦ | સાધારણ સભા ખર્ચ | | ૪,૫૬૭-૦૦ |
| ૧,૨૫૫-૦૦ | સરભરા ખર્ચ | | ૭૫૦-૦૦ |
| ૨૩૩-૦૦ | પોસ્ટ તથા રેવન્યુ | | ૫૪૦-૦૦ |
| ૩૨,૫૮૬-૦૦ | સ્ટેશનરી તથા પ્રિન્ટીંગ | | ૨૭,૮૫૦-૦૦ |
| ૯,૩૯૦-૦૦ | મુસાફરી ખર્ચ | | ૦૦-૦૦ |
| ૮,૦૭૬-૦૦ | વીમા ખર્ચ | | ૬,૮૪૫-૦૦ |
| ૭,૭૭,૭૦૦-૦૦ | સ્ટાફ પગાર ખર્ચ | | ૭,૯૩,૨૦૦-૦૦ |
| ૧૭,૯૨૨-૦૦ | ટેલીફોન બીલ ખર્ચ | | ૧૮,૪૨૫-૦૦ |
| ૨૪,૯૧૯-૦૦ | ઈલેકટ્રીક બીલ ખર્ચ | | ૨૩,૭૦૭-૦૦ |
| ૩,૭૯,૩૫૮-૦૦ | એજન્ટ કમીશન ખર્ચ | | ૨,૯૭,૭૧૦-૦૦ |
| ૮,૦૦૦-૦૦ | ઓડીટ ફી | | ૦૦-૦૦ |
| -- | વકીલ ફી | | ૩૦,૫૦૦-૦૦ |
| ૧૯,૫૪૧-૦૦ | ઓફીસ ભાડા ખર્ચ | | ૧૯,૫૪૧-૦૦ |
| ૧,૬૩૫-૦૦ | કોમ્પ્યુટર સ્ટેશનરી ખર્ચ | | ૧,૫૩૦-૦૦ |
| ૧૦,૭૦૦-૦૦ | કોમ્પ્યુટર રીપેરીંગ ખર્ચ તથા મેન્ટેનન્સ | | ૨૧,૨૫૦-૦૦ |
| ૧,૦૫,૨૪૦-૦૦ | ઘસારા ખર્ચ | | ૧,૦૫,૨૪૦-૦૦ |
| ૫,૫૧૨-૮૨ | બેંક કમિશન ખર્ચ | | ૪,૯૦૮-૨૨ |
| -- | એ.સી.સર્વિસ ચાર્જ ખર્ચ | | ૧,૨૫૦-૦૦ |
| ૬૪,૦૦૦-૦૦ | સ્ટાફ ગ્રેજ્યુટી ખર્ચ | | ૬૬,૦૦૦-૦૦ |
| ૧,૫૦૦-૦૦ | પ્રોફેશનલ ટેક્ષ | | ૧,૫૦૦-૦૦ |
| ૯૨,૧૬૦-૦૦ | સ્ટાફ પ્રોવિન્ડન્ડ ખર્ચ | | ૯૫,૦૪૦-૦૦ |
| ૫,૦૦,૦૦૦-૦૦ | ઈમરજન્સી લાયબીલીટી | | ૯,૦૦,૦૦૦-૦૦ |
| ૨૪,૦૦૦-૦૦ | જાહેરાત ખર્ચ | | ૨,૫૦૦-૦૦ |
| ૫૫,૦૦૦-૦૦ | પ્રોફેસનલ ફી | | ૦૦-૦૦ |
| ૧,૦૦૦-૦૦ | લીગલ ખર્ચ | | ૦૦-૦૦ |
| ૨,૪૭૭-૦૦ | ઈન્કમ એક્ષ્પેન્સ ખાતે | | ૦૦-૦૦ |
| | | ટોટલ | ૧,૩૬,૮૦,૧૫૩-૫૨ |
| **૪૬,૭૪,૧૪૦-૯૦** | નફો સરવૈયામાં લઈ ગયા તે..... | | **૪૭,૧૫,૬૮૬-૪૮** |
| **૧,૭૫,૨૨,૫૪૬-૪૦** | **ટોટલ** | **ટોટલ** | **૧,૮૩,૯૫,૮૪૦-૦૦** |

**ઓડીટરશ્રી એ.જી.શેખ**
(ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ, મોડાસા)

**નરેશકુમાર આર. શાહ**
મેનેજર

# તા. ૩૧-૩-૨૦૨૧ ના રોજ

| તા. ૩૧-૦૩-૨૦૨૦ રૂા. પૈસા | મુડી તથા દેવાની વિગત | | તા. ૩૧-૦૩-૨૦૨૧ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧૩,૦૪,૬૫૦-૦૦ | **શેર ભંડોળ** | | ૧૩,૦૦,૪૦૦-૦૦ |
| **(૨૬,૧૧,૪૪૧-૦૦)** | **અનામત ભંડોળ** | | ૩૨,૭૬,૨૮૯-૦૦ |
| ૧,૫૭,૦૦૦-૦૦ | અનામત HPVભંડોળ | ૧,૨૫,૦૦૦-૦૦ | |
| ૧,૦૦૧-૦૦ | એજન્ટ દૈનિક બચત | ૨,૭૦,૧૪૪-૦૦ | |
| ૩૬૬-૦૦ | ડીવીડન્ડ ૨૦૧૬-૧૭ | - | |
| ૨૪૦-૦૦ | ડીવીડન્ડ ૨૦૧૭-૧૮ | ૨૧૦-૦૦ | |
| ૫૭૦-૦૦ | ડીવીડન્ડ ૨૦૧૮-૧૯ | ૫૪૦-૦૦ | |
| - | ડીવીડન્ડ ૨૦૧૯-૨૦ | ૫૭૦-૦૦ | |
| ૧૧,૦૮,૮૧૦-૦૦ | સ્ટાફ ગ્રેજ્યુટી અનામત | ૧૨,૫૨,૪૨૬-૦૦ | |
| ૧૨,૭૧,૫૩૪-૦૦ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડ | ૧૫,૬૨,૮૧૮-૦૦ | |
| ૭૧,૯૨૦-૦૦ | સન્ડ્રી ક્રેડિટર્સ | ૬૪,૫૮૧-૦૦ | |
| ૧૦,૩૧,૮૬૪-૨૨ | **વ્યાજ ચુકવવા પાત્ર** | | ૭,૪૬,૫૭૬-૨૨ |
| **(૨,૬૪,૨૦,૮૩૧-૯૩)** | **ફન્ડસ** | | ૩,૧૫,૩૫,૫૫૪-૮૩ |
| ૯૩,૧૫,૩૫૭-૬૮ | રીઝર્વ ફંડ | ૧,૦૬,૭૨,૮૩૦-૫૮ | |
| ૫,૮૬,૩૦૦-૦૦ | ડીવીડન્ડ ઈકવીલાઈઝેશન ફંડ | ૬,૭૯,૭૮૩-૦૦ | |
| ૨૧,૯૯,૬૫૦-૨૫ | મકાન ફંડ | ૨૫,૧૫,૯૩૧-૨૫ | |
| ૪૦,૨૪,૫૩૩-૦૦ | સભાસદ વેલફેર ફંડ | ૫૦,૬૦,૫૧૬-૦૦ | |
| ૬,૯૬,૨૬૪-૦૦ | ધર્માદા ફંડ | ૭,૮૪,૪૦૪-૦૦ | |
| ૨૬,૯૫,૬૬૮-૦૦ | શકમંદ લેણા ફંડ | ૩૧,૭૦,૦૮૯-૦૦ | |
| ૧૬,૫૪,૨૨૬-૦૦ | સહકાર પ્રચાર ફંડ | ૧૯,૭૦,૫૦૭-૦૦ | |
| ૧૪,૫૫૩-૦૦ | સ્ટાફ બોનસ ફંડ | ૧૪,૫૫૩-૦૦ | |
| ૮,૧૨,૦૧૪-૦૦ | સ્ટાફ બેનીફીટ ફંડ | ૯,૨૩,૧૫૪-૦૦ | |
| ૧૮,૫૧,૦૬૪-૦૦ | ઉત્સવ ફંડ | ૨૧,૬૭,૩૪૫-૦૦ | |
| ૭,૭૧,૨૦૨-૦૦ | ઘસારા ફંડ | ૮,૭૬,૪૪૨-૦૦ | |
| ૧૭,૦૦,૦૦૦-૦૦ | ઈમરજન્સી સીકયોર ફંડ | ૨૬,૦૦,૦૦૦-૦૦ | |
| ૧,૦૦,૦૦૦-૦૦ | NPA ફંડ | ૧,૦૦,૦૦૦-૦૦ | |
| **(૧૫,૫૨,૮૬,૨૩૦-૪૦)** | **થાપણ** | | ૧૮,૮૮,૦૩,૧૬૧-૪૦ |
| ૧૨,૨૧,૦૯,૯૩૩-૦૦ | ક્યુમીલેટીવ ડીપોઝીટ | ૧૫,૭૫,૧૫,૧૬૫-૦૦ | |
| ૯૧,૮૮,૮૬૩-૦૦ | બાંધી મુદત | ૮૭,૨૪,૭૧૨-૦૦ | |
| ૪૩,૮૦,૫૬૭-૪૦ | સેવિંગ્સ બચત | ૫૩,૪૧,૬૭૫-૪૦ | |
| ૬૪,૮૧,૧૧૨-૦૦ | મેમ્બર્સ ફરજીયાત બચત | ૫૫,૬૮,૦૩૭-૦૦ | |
| ૧,૦૪,૯૯,૪૧૪-૦૦ | દૈનિક બચત | ૮૩,૬૭,૫૫૪-૦૦ | |
| ૨૨,૯૩,૮૦૦-૦૦ | માસીક બચત | ૨૯,૨૩,૭૦૦-૦૦ | |
| ૩,૩૨,૫૪૧-૦૦ | એજન્ટ ડીપોઝીટ | ૩,૬૨,૩૧૮-૦૦ | |
| ૪૬,૭૪,૧૪૦-૯૦ | નફો લાવ્યા તે....... | | ૪૭,૧૫,૬૮૬-૪૮ |
| **૧૯,૧૩,૨૯,૧૫૮-૪૫** | ટોટલ | | **૨૩,૦૩,૭૭,૬૬૭-૯૩** |

# પુરા થતાં વર્ષનું સરવૈયું

| તા.૩૧-૦૩-૨૦૨૦ રૂા. પૈસા | મિલ્કત તથા લ્હેણા | | તા.૩૧-૦૩-૨૦૨૧ રૂા. પૈસા |
|---|---|---|---|
| **(૧૨,૭૦,૬૯,૮૭૮-૦૦)** | **ધિરાણ** | -- | ૧૩,૨૭,૨૨,૯૦૭-૦૦ |
| ૧૪,૬૪,૬૪૪-૦૦ | વ્યક્તિગત લોન | ૯,૦૭,૩૮૪-૦૦ | |
| ૩,૬૨,૨૪,૮૨૬-૦૦ | વ્હીકલ લોન | ૩,૨૭,૫૩,૭૩૯-૦૦ | |
| ૧,૩૬,૮૬,૭૧૧-૦૦ | FD OD લોન | ૨,૧૭,૧૯,૨૬૦-૦૦ | |
| ૪૫,૭૭,૭૮૫-૦૦ | કન્ઝુમર લોન | ૩૪,૦૦,૧૯૩-૦૦ | |
| ૧૩,૨૧૪-૦૦ | ગર્વમેન્ટ સીક્યુરીટી સામે | ૦૦-૦૦ | |
| ૫,૫૦,૫૧,૮૮૧-૦૦ | સ્થાવર મિલ્કત સામે લોન | ૫,૫૨,૧૬,૨૬૩-૦૦ | |
| ૧,૬૦,૦૯,૨૩૩-૦૦ | હાઉસીંગ લોન | ૧,૨૬,૭૪,૧૬૨-૦૦ | |
| ૪૧,૫૮૪-૦૦ | સ્ટાફ લોન | ૧૭,૬૭૦-૦૦ | |
| ૦૦-૦૦ | આત્મનિર્ભર ગુજરાત સહાય લોન | ૬૦,૩૪,૨૩૬-૦૦ | |
| ૬,૯૯,૬૪૭-૦૦ | **વ્યાજ મળવા પાત્ર** | | ૧૦,૫૫,૯૩૪-૦૦ |
| ૧૧,૯૦,૬૬૫-૦૦ | ડેડ સ્ટોક | | ૧૧,૯૦,૬૬૫-૦૦ |
| ૧૬,૧૦૦-૦૦ | સા.કો.બેંક શેર (સભાસદ) | | ૧૬,૧૦૦-૦૦ |
| ૫,૦૦૦-૦૦ | ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ | | ૫,૦૦૦-૦૦ |
| ૫,૯૦૦-૦૦ | ખેતીવાડી મકાન એડવાન્સ ભાડા | | ૦૦-૦૦ |
| ૫,૩૫,૮૪૭-૦૦ | T.D.S. ખાતુ | | ૭,૧૦,૩૮૦-૦૦ |
| ૧૧,૭૧૯-૦૦ | ઈલેક્ટ્રીસીટી ડીપોઝીટ | | ૧૧,૭૧૯-૦૦ |
| ---- | અધેસિવ સ્ટેમ્પ | | ૭૫૫-૦૦ |
| **(૬,૧૦,૨૯,૯૧૦-૦૦)** | **બેંક બેલેન્સ** | | ૯,૩૬,૯૨,૭૮૩-૦૦ |
| ૨,૩૮,૦૦,૦૦૦-૦૦ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા FD | ૧,૦૩,૭૦,૯૭૭-૦૦ | |
| ૯૦,૦૦,૦૦૦-૦૦ | બેંક ઓફ ઈન્ડીયા FD | ૨૦,૦૦,૦૦૦-૦૦ | |
| ૩૫,૦૦,૦૦૦-૦૦ | બેંક ઓફ બરોડા FD | ૩૫,૦૦,૦૦૦-૦૦ | |
| ૫૭,૦૦,૦૦૦-૦૦ | વિજયા બેંક FD | ૦૦-૦૦ | |
| ૧,૯૦,૨૯,૯૧૦-૦૦ | સાં.કાં.ડી.સે.કો.બેંક FD | ૭,૭૮,૨૧,૮૦૬-૦૦ | |
| ૪,૪૭૭-૦૦ | સા.કાં. બેંક કરંટ ખાતુ | | ૭,૩૨૮-૦૦ |
| ૦૦-૦૦ | સા.કાં. બેંક OD ખાતુ | | ૧,૦૫,૪૮૩-૦૦ |
| ૩,૭૯,૪૯૩-૦૦ | મોડાસા નાગ.બેંક કરંટ ખાતુ | | ૧,૭૨,૧૪૧-૦૦ |
| ૩,૭૩૫-૪૮ | સર્વોદય સહ. બેંક કરંટ ખાતુ | | ૨,૬૩૦-૪૮ |
| ૬૧,૦૨૫-૧૧ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા OD ખાતુ | | ૬,૦૦,૯૮૯-૭૭ |
| ૬૭,૩૩૩-૭૦ | બેંક ઓફ બરોડા OD ખાતુ | | ૪૫,૬૬૯-૭૦ |
| ૨,૪૧,૬૭૦-૧૬ | બેંક ઓફ ઈન્ડિયા OD ખાતુ | | ૩૬,૯૩૮-૯૮ |
| ૬,૭૫૮-૦૦ | હાથ ઉપર સિલક | | ૨૪૪-૦૦ |
| **૧૯,૧૩,૨૯,૧૫૮-૪૫** | **ટોટલ** | | **૨૩,૦૩,૭૭,૬૬૭-૯૩** |

**ઓડીટરશ્રી એ.જી.શેખ**
(ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ, મોડાસા)

**નરેશકુમાર આર. શાહ**
મેનેજર

## સભાસદ તથા ખાતેદારો જોગ

- કોઈપણ સભાસદ કે ખાતેદારના સરનામામાં ફેરફાર થયેલ હોય તેમણે ઓફિસે તુરંત લેખિત જાણ કરવા વિનંતી તથા KYC નોર્મસ પ્રમાણે એડ્રેસ પ્રુફ **તેમજ મોબાઈલ નંબર આપવા વિનંતિ. જેથી SMS સુવિધાનો લાભ લઈ શકો.**
- ધો .૧૦ તથા ધો .૧૨ ના વિદ્યાર્થીઓની પરીક્ષા ન લેવાયેલ હોવાથી **ઈનામ વિતરણ મોકુફ રાખેલ છે**.
- સભાસદોને મંડળી અકસ્માતે મૃત્યુ પામનાર સભાસદના વારસદારને રૂા.૨૫,૦૦૦/- આપવામાં આવે છે. કુદરતી મૃત્યુ થતા સભાસદના વારસદારને રૂા. ૩,૫૦૦/- આપવામાં આવે છે. સભાસદોની જાણ સારૂ.
- આત્મ નિર્ભર લોનના હપ્તા નિયમીત ભરનારને જ સરકારશ્રીનું વ્યાજ રીબેટ આપવામાં આવશે.

## મંડળીના છેલ્લા ૧૨ વર્ષનો અહેવાલ

| વર્ષ | સંભ્ય સંખ્યા | શેર ભંડોળ | રીઝર્વ ફંડ તથા અન્ય ફંડ | થાપણ | ધિરાણ | નફો | ડિવિડન્ડ | ઓડીટ વર્ગ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૩૬૧ | ૧૧,૮૪,૧૫૦ | ૪૦,૯૩,૮૭૫ | ૨,૬૧,૯૭,૦૩૧ | ૨,૧૭,૨૯,૦૭૨ | ૯,૮૦,૪૮૬ | ૧૨% | 'અ' |
| ૨૦૧૦-૧૧ | ૧૪૧૯ | ૧૨,૩૯,૪૦૦ | ૪૮,૨૫,૪૪૯ | ૩,૨૧,૩૬,૧૨૦ | ૨,૯૪,૯૯,૫૮૮ | ૧૦,૨૪,૫૦૬ | ૧૨% | 'અ' |
| ૨૦૧૧-૧૨ | ૧૪૬૪ | ૧૨,૯૦,૬૫૦ | ૫૬,૯૨,૯૩૦ | ૩,૮૩,૫૦,૩૬૧ | ૩,૬૩,૬૩,૪૦૦ | ૧૫,૨૪,૪૬૩ | ૧૨% | 'અ' |
| ૨૦૧૨-૧૩ | ૧૫૧૩ | ૧૩,૦૫,૧૫૦ | ૬૭,૭૫,૭૩૩ | ૪,૭૮,૨૨,૯૨૩ | ૪,૧૬,૭૮,૮૨૪ | ૧૬,૯૦,૧૧૪ | ૧૨% | 'અ' |
| ૨૦૧૩-૧૪ | ૧૫૩૭ | ૧૩,૦૦,૪૦૦ | ૮૪,૭૯,૬૯૦ | ૫,૫૭,૮૩,૩૫૨ | ૪,૮૦,૦૦,૬૬૬ | ૧૮,૫૧,૧૦૦ | ૧૨% | 'અ |
| ૨૦૧૪-૧૫ | ૧૬૩૫ | ૧૩,૨૩,૧૫૦ | ૧,૦૪,૭૫,૯૭૪ | ૭,૯૪,૭૧,૮૧૭ | ૬,૩૬,૮૮,૮૬૫ | ૨૧,૨૧,૯૩૬ | ૧૨% | 'અ' |
| ૨૦૧૫-૧૬ | ૧૬૩૬ | ૧૩,૦૧,૯૦૦ | ૧,૨૮,૫૬,૫૧૩ | ૯,૬૨,૬૩,૪૧૮ | ૭,૯૫,૭૮,૮૯૪ | ૨૫,૨૦,૧૫૦ | ૧૨% | 'અ' |
| ૨૦૧૬-૧૭ | ૧૬૬૦ | ૧૨,૯૯,૪૦૦ | ૧,૫૧,૬૭,૨૧૯ | ૧૧,૦૦,૧૬,૩૩૪ | ૯,૨૬,૮૮,૮૭૮ | ૩૫,૦૩,૪૬૦ | ૧૨% | 'અ |
| ૨૦૧૭-૧૮ | ૧૬૭૦ | ૧૨,૯૩,૯૦૦ | ૧,૮૦,૩૮,૨૯૫ | ૧૧,૭૫,૨૪,૩૧૫ | ૧૦,૫૪,૨૪,૩૬૭ | ૪૦,૦૨,૨૪૩ | ૧૨% | 'અ' |
| ૨૦૧૮-૧૯ | ૧૬૯૨ | ૧૨,૯૯,૪૦૦ | ૨,૨૦,૪૭,૮૭૧ | ૧૨,૭૬,૭૪,૩૯૦ | ૧૦,૬૬,૧૮,૫૪૪ | ૪૩,૦૬,૯૮૨ | ૧૨% | 'અ' |
| ૨૦૧૯-૨૦ | ૧૭૨૬ | ૧૩,૦૪,૬૫૦ | ૨,૬૪,૨૦,૮૩૧ | ૧૫,૫૨,૮૬,૨૩૦ | ૧૨,૭૦,૬૯,૮૭૮ | ૪૬,૭૪,૧૪૧ | ૧૨% | 'અ' |
| ૨૦૨૦-૨૧ | ૧૭૬૫ | ૧૩,૦૦,૪૦૦ | ૩,૧૫,૩૫,૫૫૫ | ૧૮,૮૮,૦૩,૧૬૧ | ૧૩,૨૭,૨૨,૯૦૭ | ૪૭,૧૫,૬૮૬ | ૧૨% | 'અ' |

## ડીપોઝીટનો વ્યાજનો દર

| | | સી.સીટીઝન |
|---|---|---|
| સેવિંગ્સ ખાતા પર | **૪.૦૦%** | **૪.૦૦%** |
| ૩૦ દિવસ થી ૩ માસ સુધી | **૪.૭૫%** | **૪.૭૫%** |
| ૩ માસ થી ઉપર ૬ માસ સુધી | **૫.૨૫%** | **૫.૨૫%** |
| ૬ માસ થી ઉપર ૧૨ માસ થી નીચે | **૫.૫૦%** | **૫.૫૦%** |
| ૧૨ માસ અને તેની ઉપર ૨ વર્ષ નીચે | **૬.૦૦%** | **૬.૨૫%** |
| ૨૪ માસ માટે | **૬.૨૫%** | **૬.૫૦%** |

## K.Y.C નોર્મસનો અમલ કરવા બાબત

આથી તમામ સભાસદ ભાઈઓને જણાવવાનું કે રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય, ગાંધીનગર તા. ૪-૯-૨૦૧૦ ના પરિપત્રના સંદર્ભ દરેક ડીપોઝીટર અને સભાસદોએ નીચે જણાવેલ પોતાની ઓળખ માટેના પુરાવા મંડળીની ઓફિસમાં આપવાના રહશે.
(૧) ફોટા (૨) આધારકાર્ડ
(૩) પાનકાર્ડ

| ક્રમ | ધિરાણનો પ્રકાર | વ્યાજનો દર | | હપ્તા | |
|---|---|---|---|---|---|
| ૧. | વ્યક્તિગત ધિરાણ | ૫૦,૦૦૦/- સુધી | ૧૫% | ૩૬ હપ્તા | |
| ૨. | એચ.પી. વ્હીકલ નવા વાહન | ફોર વ્હીલ | ૮.૦૦% | બીલના ૮૫% | ૪૦ હપ્તા |
| | | | ૮.૨૫% | બીલના ૮૫% | ૪૮ હપ્તા |
| | | | ૯.૦૦% | બીલના ૮૫% | ૬૦ હપ્તા |
| | | ટુ વ્હીલ | ૧૧.૫૦% | બીલના ૮૫% | ૪૦ હપ્તા |
| | **કોમર્શીયલ વાહન** | | ૧૧.૫૦% | બીલના ૮૫% | ૪૦ હપ્તા |
| | **જુના વાહન** | | ૧૨.૦૦% | બીલના ૬૦% | ૪૦ હપ્તા |
| ૩. | F.D. / O.D. લોન | રસીદના દરથી | ૧.૫ % વધુ | ૯૦% મુજબ રકમ | |
| ૪. | ગર્વ. સીક્યુરીટી સામે | ૭૦% સુધી | ૧૩ % | KVP / IVP / NSS | |
| ૫. | કન્ઝુમર (મશીનરી લોન) | | ૧૩ % | બીલના ૭૫% | ૩૬ હપ્તા |
| ૬. | સ્થાવર મિલ્કત સામે ઈક્વીટેબલ મોર્ગેજ | | ૧૧ % | ૪૮ હપ્તા માટે | |
| | | | ૧૧.૫૦ % | ૮૪ હપ્તા માટે | |
| ૭. | હાઉસીંગ લોન | | ૧૧.૦૦ % | ૮૪ હપ્તા માટે | |




નવિન મંડળીનું મકાન તથા સભાગૃહ નું ઉદ્‌ઘાટન સમારોહ તા. ૦૫-૦૯-૨૦૨૧ ને રવિવારના શુભ દિન યોજાયો



સભાગૃહમાં ભગવાન સત્યનારાયણની કથા કરતા મે.ડી. શ્રી રમણભાઈ પ્રજાપતિ તથા બોર્ડ ઓફ ડીરેક્ટર્સ નો પરિવાર



સભાગૃહનું ઉદ્‌ઘાટન કરતા મુ.શ્રી ઈસ્માઈલભાઈ દાદુ તથા ચેરમેન પંકજભાઈ બુટાલા, કનુભાઈ પટેલ, જમીલ ખાનજી તથા એ.પી.એમ.સી. ચેરમેન રાજેન્દ્રભાઈ પટેલ ડીરેક્ટર પ્રવિણભાઈ પટેલ, મેનેજર નરેશભાઈ શાહદ્રષ્ટી ગોચર થાય છે.



તક્તીનું અનાવરણ કરતા મુ.ઈસ્માઈલભાઈ દાદુ, ચેરમેનશ્રી પંકજભાઈ બુટાલા તથા APMC ચેરમેન રાજેન્દ્રભાઈ પટેલ તેમજ ડૉ.જમીલ ખાનજી અને કનુભાઈ પટેલ નજરે પડે છે.



મંડળીના સભાગૃહમાં પ્રવેશ કરતા મુ.શ્રી ઈસ્માઈલભાઈ દાદુ, ચેરમેનશ્રી પંકજભાઈ બુટાલા તથા વાઈસ ચેરમેનશ્રી નવિનભાઈ શાહ તથા ડીરેક્ટરશ્રીઓ નજરે પડે છે.




મહાજન મંડળના પ્રમુખશ્રી જયેશભાઈ દોશીને સ્મશાનમાં લકડામાટે ચેક તથા રોકડ અર્પણ કરતા મંડળીના વા.ચેરમેન શ્રી નવિનભાઈ, એમ.ડી.શ્રી રમણભાઈ, ડીરેક્ટર શ્રી મુકુંદભાઈ, તથા મેનેજર શ્રી નરેશભાઈ ....

Keval Offset-Modasa 9725505242

SHRI CUTALARY-KARIYANA MER. SAH. SHARAFFI MANDLI LTD., MODASA.

રવાના :-
**શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લી.**
માર્કેટયાર્ડ, **મોડાસા** જિ.અરવલ્લી
E-Mail : ckms1997.mod@gmail.com

To